# વી.એફ.એક્સ. એડિટર

વી.એફ.એક્સ. એડિટર ફિલ્મ, જાહેરાત, વિડીયો અથવા ટીવી શોના દ્રશ્યોને લગતા પાસાઓને સંભાળે છે. વી.એફ.એક્સ. એડિટર ફિલ્મ અથવા ટીવી પ્રોડક્શન ટીમ વચ્ચે કડી તરીકે કામ કરે છે, જે લાઇવ-એક્શન ફૂટેજ શૂટ કરે છે અને વી.એફ.એક્સ. સ્ટુડિયો જે વિઝ્યુઅલ ઈફેક્ટ તૈયાર કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે રચનાત્મક અભિગમ ધરાવો છો
- તમે કમ્પ્યુટર પર સહજ રીતે કામ કરી શકો છો
- તમે એક ટીમમાં કામ કરવામાં સહજ છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૬,૭૯,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. એનિમેશન અને વી.એફ.એક્સમાં સ્નાતક (BSc.)ની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, એ જ વિષયમાં અનુસ્નાતક (MSc)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

વી.એફ.એક્સ. એડિટરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૭,૦૦૦ થી ૫૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત : https://bit.ly/3IVbUrH

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે વી.એફ.એક્સ સ્ટુડિયો દ્વારા અથવા સીધા જ ફિલ્મ કે ટીવી પ્રોડક્શન કંપની દ્વારા નોકરી મેળવી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારે ઓછામાં ઓછા ૮ થી ૯ કલાક અને અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ કામ કરવું પડશે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય શકે છે. ઓવરટાઈમ સામાન્ય છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

વી.એફ.એક્સ. આસિસ્ટન્ટ એડિટર → વી.એફ.એક્સ. એડિટર → વી.એફ.એક્સ. સુપરવાઈઝર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

વિઝ્યુઅલ ઈફેક્ટ એડિટર, વિઝ્યુઅલ ઈફેક્ટ આર્ટીસ્ટ, વિઝ્યુઅલ ઈફેક્ટ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ એનિમેશન અને ફિલ્મ સ્ટડિઝ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૨. ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ મીડિયા ટેકનોલોજી, કુરુક્ષેત્ર
૩. આર અને આર એજ્યુકેશન ફાઉન્ડેશન, દિલ્હી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, નોઈડા
૨. બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, જયપુર
૩. એચ.ઈ.સી. ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સ, હરિદ્વાર
૪. આઈ.સી.એ.ટી. ડિઝાઈન અને મીડિયા કોલેજ, હૈદરાબાદ
૫. ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ, દેહરાદૂન
૬. રૂરકી કોલેજ ઓફ એન્જિનિયરીંગ, ઉત્તરાખંડ
૭. મણિપાલ ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન, મણિપાલ
૮. એપેક્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ મલ્ટીમીડિયા, કોઈમ્બતુર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: www.onlinecourses.swayam2.ac.in/cec20_cs08/preview/
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.



## સાફલ્ય ગાથા

**શોભન નારાયણન** એક વિઝ્યુઅલ ઈફેક્ટ્સ સુપરવાઈઝર / કમ્પોઝિટીંગ સુપરવાઈઝર છે જે હોલીવુડની ફીચર ફિલ્મો અને ટેલિવિઝન શો માટે વાનકુવર, બ્રિટિશ કોલંબિયા, કેનેડામાં કામ કરે છે. તેમણે તમિલનાડુ એડવાન્સ ટેક્નિકલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટમાંથી એનિમેશન અને મલ્ટીમીડિયામાં સ્નાતકની પદવી હાંસલ કરેલ છે.*

સ્ત્રોત : www.davincimediacollege.com/alumni-davinci-media-college-chennai/success-stories/

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.